UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૭૪, ઓક્ટોબર-નવેમ્બર : ૨૦૨૩




## યુજીવીસીએલએ મેળવ્યો “૧૧મો ઈનોવેશન વિથ ઈમ્પેક્ટ એવોર્ડસ્ ફોર ડિસ્કોમ:૨૦૨૩”



યુજીવીસીએલ દ્વારા યોજાયું "સ્વચ્છતા હી સેવા" અભિયાન



નવરાત્રીના રંગમાં રંગાયો યુજીવીસીએલ પરિવાર



યુજીવીસીએલ દ્વારા બંધારણ દિવસની ઉજવણી

# આ અંકમાં

**અંક:૭૪**
**ઓક્ટોબર-નવેમ્બર : ૨૦૨૩**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**


**તંત્રી**
શ્રી અરુણ મહેશ બાબુ (એમ.એસ.), આઈ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી વિજય એલ. ઓઝા, ઇન્ચાર્જ આસી. મેનેજર (પી.આર.)

**સંકલન સહાયક**
શ્રી એમ.એચ.પઠાણ, જુનિયર આસીસ્ટન્ટ (કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ)

**સંપાદક સમિતિ**
શ્રી જી.એચ.એન્જિનિયર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી બી.જી.પ્રણામી, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન.એમ.જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ.સી.પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જે.આર.ચૌધરી, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.)
શ્રી એમ.એચ.પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)
શ્રી એ.પી.પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી સી.જે.રાજપાલ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી.જે.ધનુલા, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એસ. આર. પટેલ, કાર્યવાહક અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
નાયબ અધિક્ષક (વહીવટ),
મહેસાણા વિભાગીય કચેરી.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને
કોર્પોરેટ ઓફિસ વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧.
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
ફિનિસ્કોપ એન્ટરપ્રાઈઝ (લાભુ દેસાઈ)


**પ્રિય વાચકમિત્રો,**

**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઈમેઇલ આઇડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com

# આ અંકના આકર્ષણો...


## એવોર્ડ

- યુજીવીસીએલએ મેળવ્યો "૧૧મો ઈનોવેશન વિથ ઈમ્પેક્ટ એવોર્ડસ્ ફોર ડિસ્કોમ - ૨૦૨૩ એવોર્ડ" ૦૪

## સ્વચ્છતા ઝુંબેશ

- યુજીવીસીએલ દ્વારા "સ્વચ્છતા હી સેવા (SHS)-૨૦૨૩" અભિયાન અંતર્ગત એક કલાક સ્વચ્છતા માટે શ્રમદાનનું આયોજન ૦૬
- યુજીવીસીએલ દ્વારા પડતર તુમાર નિકાલ, રેકર્ડ વર્ગીકરણ તેમજ રેકર્ડ રૂમની સાફ-સફાઈ અને જાળવણી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ ૦૭

## રમતગમત

- સાબરમતી વર્તુળ કચેરી ખાતે ૧૬મી ઇન્ટર સર્કલ ટેનીકોઈટ સ્પર્ધાનું આયોજન ૦૮
- પાલનપુર વર્તુળ કચેરી ખાતે ૧૬મી ઇન્ટર સર્કલ ચેસ સ્પર્ધાનું આયોજન ૦૯
- સાબરમતી વર્તુળ કચેરી ખાતે ૧૬મી ઇન્ટર સર્કલ કેરમ સ્પર્ધાનું આયોજન ૦૯
- હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૧૬મી ઇન્ટર સર્કલ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન ૧૦
- હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૧૬મી ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન ૧૦

## નવરાત્રિ મહોત્સવ

- રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે "નવરાત્રિ મહોત્સવ" અંતર્ગત ગરબાનું આયોજન ૧૧
- કડી વિભાગીય કચેરી ખાતે "નવરાત્રિ મહોત્સવ" અંતર્ગત ગરબાનું આયોજન ૧૧

## ઉજવણી

- યુજીવીસીએલ દ્વારા બંધારણ દિવસની ઉજવણી ૧૨

## સંક્ષિપ્ત સમાચાર

- મહેસાણા વર્તુળ કચેરી ખાતે લાઈન સ્ટાફની સલામતી માટે "શપથ સમારોહ" તથા સત્યનારાયણ પૂજનનું આયોજન ૧૩
- યુજીવીસીએલ દ્વારા સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ સાણંદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સનું લોકાર્પણ ૧૩

## વિદાય


- શ્રી કે. એ. પટેલ, કાર્યપાલક ઇજનેર (સોલાર વિભાગ)ને ભાવભરી વિદાય ૧૪
- યુજીવીસીએલ દ્વારા શ્રી એન.બી.બલાત, નાયબ મહાપ્રબંધક (મા.સં.), શ્રી ટી.એસ.મજમુદાર, કાર્યવાહક અધિક્ષક ઇજનેર, ક્યુ.સી.સી. વિભાગને ભાવભરી વિદાય ૧૫

## કવિતા

## જેની સાથે સુંદર વિચાર હોય છે,
## તે કદી પણ એકાંતમાં હોતો નથી.
## -સર વી. સીડની



**દિપાવલીના પાવન અવસર પર આપ સૌને સંકલ્પો સિદ્ધ કરવાની શક્તિ મળે તથા સુખ, શાંતિ, સંપત્તિ, આયુષ્ય, સલામતી, સમૃદ્ધિ અને સદ્‌ભાવનાની જ્યોત આપના જીવનને વધુ પ્રકાશિત કરે તેવી હૃદયપૂર્વક શુભકામનાઓ.**



### વ્હાલા કર્મચારી મિત્રો,

વિક્રમ સંવત ૨૦૮૦નું વર્ષ નવી ઊર્જા, નવા સંકલ્પો સાથે આપ સર્વેના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ લાવે અને પરિવાર સાથે આપ આરોગ્યપ્રદ જીવનનો આનંદ માણતા રહો તેવી પ્રાર્થના સાથે હૃદયપૂર્વક નૂતન વર્ષાભિનંદન પાઠવું છું. આ સાથે નવી આશાઓ અને નવા ઉત્સાહ સાથે આપ આપના જીવનમાં સતત સફળતાનાં શિખરો સર કરો તેવી હાર્દિક શુભેચ્છા.

મિત્રો, આપણે આવશ્યક સેવા સાથે સંકળાયેલા છીએ, તેથી આપણે હર હંમેશ આપણા ગ્રાહકોને સર્વોત્તમ સેવા થકી સંતોષ આપવા પ્રતિબદ્ધ રહેવું જોઈએ. એ માટે આપણા ગ્રાહકને ઝડપી સેવાઓ આપીએ, શાંત અને સ્વસ્થ ચિત્તે ગ્રાહકને સાંભળીએ અને ગ્રાહકને યોગ્ય માર્ગદર્શન આપીને સંતોષ આપવાનો પ્રયાસ કરીએ. ગ્રાહકો આપણા મોંઘેરા મહેમાન છે, તેની સાથે મહેમાનની જેમ વર્તી તેમની ફરિયાદો ખૂબ ધ્યાનથી સાંભળી નિરાકરણ કરવું એ આપણું કર્તવ્ય છે.

આપ સૌને જાણ કરતાં મને આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે દિવાળીના તહેવારની પહેલાં જ આપણી કંપનીને વીજ વિતરણ ક્ષેત્રે ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા "૧૧માં ઈનોવેશન વિથ ઇમ્પેક્ટ એવોર્ડ્સ ફોર ડિસ્કોમ-૨૦૨૩" અન્વયે કેટેગરી C (સેવાની ગુણવત્તા અને ગ્રાહક સશક્તિકરણ) હેઠળ દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયેલ છે. આ સિદ્ધિ બદલ તમામ કર્મચારીઓને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

મિત્રો, આપણે ગમે તેટલું સારું કામ કરીએ પરંતુ ગ્રાહકને સંતોષ આપીશું, ત્યારે જ તે યથાર્થ સાબિત થશે. એ જ હેતુથી હું દરેક કર્મચારીને નવા વર્ષમાં શ્રેષ્ઠતમ સેવાપ્રદાનનો શુભ સંકલ્પ લઈને તેનો અમલ કરવા અનુરોધ કરું છું.

આપણે આ વર્ષે ડિસેમ્બર-૨૦૨૩ દરમિયાન "વીજ બચત માસ"ની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. આ માસ દરમિયાન વીજ બચત અંગે જાગૃતિ કેળવવાના સંનિષ્ઠ પ્રયત્નો કરીશું તેવી અપેક્ષા રાખું છું.

વર્ષો સુધી કંપનીમાં ફરજ બજાવ્યા બાદ, વય નિવૃત્ત થઈ રહેલા કંપનીના તમામ અધિકારીઓ-કર્મચારીઓને નિવૃત્તિની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. નિવૃત્તિ પછીનું આપનું જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિમય રહે તેવી પ્રભુને પ્રાર્થના સહ હાર્દિક શુભકામનાઓ.

અંતમાં ફરીવાર પ્રકાશના પર્વ દિવાળીની શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન.

**અરુણ મહેશ બાબુ**
(એમ.એસ.), આઇ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલએ મેળવ્યો "૧૧મો ઈનોવેશન વિથ ઈમ્પેક્ટ એવોર્ડસ્ ફોર ડિસ્કોમ - ૨૦૨૩ એવોર્ડ"




તારીખ ૦૨ અને ૦૩ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ, કલકત્તા દ્વારા ઈન્ડિયા હેબિટેટ સેન્ટર, નવી દિલ્હી ખાતે આયોજિત ૧૭મી ઈન્ડિયા એનર્જી સમિટમાં ICC એવોર્ડસ્-૨૦૨૩ના "૧૧માં ઈનોવેશન વિથ ઈમ્પેક્ટ એવોર્ડસ્" માટે કેટેગરી C (સેવાની ગુણવત્તા અને ગ્રાહક સશક્તિકરણ) હેઠળ યુજીવીસીએલએ દ્વિતિય ક્રમ મેળવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા માનવંતા ગ્રાહકોને સર્વોત્તમ સેવા પૂરી પાડવા માટેની કામગીરી સતત ચાલુ રાખીને, યશસ્વી કામગીરી કરવા બદલ કંપનીની યશકલગીમાં વધુ એક પીંછાનો ઉમેરો થયો છે. આ સાથે કંપનીના ખાતામાં રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના કુલ ૩૬ જેટલા એવોર્ડ જમા થયા છે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ (આઈ.એ.એસ.) અને ચીફ એન્જિનિયર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયર દ્વારા કંપની વતી એવોર્ડ સ્વીકારવામાં આવ્યો.

| | | |
|---|---|---|
| ૧. | પુરસ્કાર વિશે વિગતો | આ પુરસ્કાર પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓને પ્રાપ્ત થાય છે કે જેમણે તેમની સિસ્ટમ કાર્યક્ષમતા વધારવા અને સપ્લાય-ડિમાન્ડ પરિસ્થિતિને વધુ અસરકારક રીતે સંચાલિત કરવા માટે નવા અને સકારાત્મક પગલા લીધેલ હોય. અન્યને પ્રેરણા આપવા માટે સમાન નીતિઓ અને પદ્ધતિઓ અપનાવવા તથા અન્ય લોકોને સમાન નિયોક્તા અને પ્રથાઓ અપનાવવા પ્રેરણા આપવા અને પ્રોત્સાહિત કરવા માટે નવીન, ટકાઉ વ્યવહાર અને કામગીરીના અગ્રણી ઉદાહરણોને પ્રકાશિત કરવા પ્લેટફોર્મ પ્રદાન કરે છે. |
| ૨. | પુરસ્કારના પરિમાણો | સરેરાશ દૈનિક વીજ પુરવઠો<br>સિસ્ટમ વિશ્વસનીયતા સૂચકાંક<br>વોલ્ટેજ, કરંટ અને પાવર ફેક્ટરનું રિપોર્ટીંગ<br>ખામીના સમારકામ અને નિવારણ માટેની સિસ્ટમ<br>ગ્રાહક મૈત્રીપૂર્ણ બિલિંગ અને ચુકવણી સિસ્ટમ<br>વીજ જોડાણ મેળવવાની સરળતા<br>ગ્રાહક સંતોષ માટે અન્ય પહેલ |














"૧૧મા ઇનોવેશન વિથ ઇમ્પેક્ટ એવોર્ડસ્ ફોર ડિસ્કોમ-૨૦૨૩" માં કંપનીને કેટેગરી C (સેવાની ગુણવત્તા અને ગ્રાહક સશક્તિકરણ) હેઠળ એવોર્ડ મળવા બદલ માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ (આઈ.એ.એસ.)એ કંપનીના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓને યશસ્વી કામગીરી કરવા બદલ અભિનંદન પાઠવેલ અને ભવિષ્યમાં પણ કંપની "ગ્રાહકોને સર્વોત્તમ સેવા થકી સંતોષ" આપી એવોર્ડની પરંપરા જાળવી રાખે તેવી શુભેચ્છા પાઠવેલ. ■






મહેસાણા વર્તુળ કચેરી



પાલનપુર વર્તુળ કચેરી

**માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી અરુણ મહેશ બાબુ (આઈ.એ.એસ.)ના માર્ગદર્શન મુજબ, યુજીવીસીએલના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા કંપનીના સ્વર્ગસ્થ કર્મચારીઓના કુટુંબીજનો સાથે પારિવારિક ભાવના રાખીને નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છા મુલાકાત લઈ સંવેદનાસભર સાંત્વના પાઠવેલ.**



સાબરમતી વર્તુળ કચેરી



હિંમતનગર વર્તુળ કચેરી

# યુજીવીસીએલ દ્વારા "સ્વચ્છતા હી સેવા (SHS)-૨૦૨૩" અભિયાન અંતર્ગત એક કલાક સ્વચ્છતા માટે શ્રમદાનનું આયોજન

મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા તેમજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને અનુસરીને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ-યુજીવીસીએલ કંપનીએ વિવિધ કચેરીઓમાં તા. ૦૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ વાગે "સ્વચ્છતા હી સેવા (SHS) - ૨૦૨૩" અભિયાન અંતર્ગત "એક કલાક સ્વચ્છતા માટે શ્રમદાન" કરીને પોતાની સક્રિય ભાગીદારી નોંધાવેલ. કંપનીની વિવિધ કચેરીઓ ખાતે અધિકારીઓ તથા કર્મચારીઓએ મોટી સંખ્યામાં "એક કલાક સ્વચ્છતા માટે શ્રમદાન"માં ઉત્સાહભેર ભાગ લઈ આ અભિયાનને સાર્થક કરવા પોતાનો અમૂલ્ય ફાળો આપેલ. ■




હિંમતનગર વર્તુળ કચેરી ખાતે સ્વચ્છતા માટે શ્રમદાન કરતાં અધિકારીઓ-કર્મચારીઓ



પાલનપુર વર્તુળ કચેરી ખાતે સ્વચ્છતા માટે શ્રમદાન કરતાં અધિકારીઓ-કર્મચારીઓ



સાબરમતી વર્તુળ કચેરી ખાતે સ્વચ્છતા માટે શ્રમદાન કરતાં અધિકારીઓ-કર્મચારીઓ



મહેસાણા વર્તુળ કચેરી ખાતે સ્વચ્છતા માટે શ્રમદાન કરતાં અધિકારીઓ-કર્મચારીઓ

**"આવો, આપણે સૌ સાથે મળીને ઘરની આસપાસનાં સ્થળોની સાફ-સફાઈ કરીએ તથા ભારતને ઉન્નત રાષ્ટ્ર બનાવવા તરફ એક પગલું આગળ વધીએ..."**

**"સ્વચ્છતા ત્યાં પ્રભુતા"**









# યુજીવીસીએલ દ્વારા પડતર તુમાર નિકાલ, રેકર્ડ વર્ગીકરણ તેમજ રેકર્ડ રૂમની સાફ-સફાઈ અને જાળવણી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

ગુજરાત સરકારશ્રીના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગાંધીનગરની સુચના મુજબ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તારીખ ૨૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ વર્તુળ કચેરી ખાતે પડતર તુમાર નિકાલ, રેકર્ડ વર્ગીકરણ તેમજ રેકર્ડ રૂમની સાફ-સફાઈ અને જાળવણીની સામુહિક ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. આ ઝુંબેશ હેઠળ રજિસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણાના તાબા હેઠળની વર્તુળ કચેરીઓ તથા વિવિધ વિભાગીય, પેટા વિભાગીય કચેરીઓ ખાતે ફરજ બજાવતા અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા બિનજરૂરી પડતર કાગળનો નિકાલ, વિવિધ દસ્તાવેજો તથા ફાઈલોની ગોઠવણી તેમજ રેકર્ડ રૂમની સાફ-સફાઈ અને વિવિધ રેકર્ડ જાળવણીની કામગીરી કરવામાં આવેલ. ■

## સાબરમતી વર્તુળ કચેરી તથા તાબા હેઠળની વિવિધ કચેરીઓ:-





## મહેસાણા વર્તુળ કચેરી તથા તાબા હેઠળની વિવિધ કચેરીઓ:-





## પાલનપુર વર્તુળ કચેરી તથા તાબા હેઠળની વિવિધ કચેરીઓ:-





## હિંમતનગર વર્તુળ કચેરી તથા તાબા હેઠળની વિવિધ કચેરીઓ:-





# સાબરમતી વર્તુળ કચેરી ખાતે ૧૯મી ઈન્ટર સર્કલ ટેનીકોઈટ સ્પર્ધાનું આયોજન

તા. ૧૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ ૧૯મી ઈન્ટર સર્કલ ટેનીકોઈટ ટુર્નામેન્ટનું આયોજન વર્તુળ કચેરી, સાબરમતીની યજમાનીમાં ONGC બેડમિન્ટન કોર્ટ, ONGC અવની ભવન, અમદાવાદ ખાતે કરવામાં આવેલ. સાબરમતી વર્તુળ કચેરીના પર્સોનેલ ઓફિસર શ્રી એલ.એન.મહિડા દ્વારા ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવી.

ટુર્નામેન્ટના અંતમાં વડી કચેરી, મહેસાણાના ઔદ્યોગિક સંબંધક અધિકારી શ્રી પી.જી.બ્રહ્મભટ્ટ તથા સાબરમતી વર્તુળ કચેરીના પર્સોનેલ ઓફિસર શ્રી એલ.એન.મહિડા દ્વારા ટુર્નામેન્ટમાં વિજેતા તથા રનર્સઅપ થનાર રમતવીરોને ઇનામ વિતરણ કરવામાં આવ્યા. ■



### ૧૯મી ઈન્ટર સર્કલ ટેનીકોઈટ ટુર્નામેન્ટની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| સુશ્રી એચ.ડી. મિસ્ત્રી | સિનિયર આસિસ્ટન્ટ | નરોડા – ઈન્ડ. પેટાવિભાગીય કચેરી | સિંગલ ચેમ્પિયન |
| સુશ્રી એસ.એમ. ખરાડી | સિનિયર આસિસ્ટન્ટ | ડીસા – ૨ વિભાગીય કચેરી | સિંગલ રનર્સઅપ |
| સુશ્રી એચ.ડી. મિસ્ત્રી | સિનિયર આસિસ્ટન્ટ | નરોડા – ઈન્ડ. પેટાવિભાગીય કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| સુશ્રી એમ.બી. પટેલ | કાર્યપાલક ઈજનેર | જી.ઈ.કે.સી. સાબરમતી | ડબલ્સ ચેમ્પિયન |
| સુશ્રી એ.પી. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | સાબરમતી વર્તુળ કચેરી | ડબલ્સ રનર્સઅપ |
| સુશ્રી પી.આર. મકવાણા | જુનિયર આસિસ્ટન્ટ | સાબરમતી વિભાગીય કચેરી | ડબલ્સ રનર્સઅપ |

# પાલનપુર વર્તુળ કચેરી ખાતે ૧૬મી ઈન્ટર સર્કલ ચેસ સ્પર્ધાનું આયોજન

તા. ૨૯ અને ૩૦ જુલાઈ, ૨૦૨૩ના રોજ પાલનપુર વર્તુળ કચેરીના યજમાન પદે ૧૬મી ઇન્ટર સર્કલ ચેસ સ્પર્ધાનું આયોજન કાલિદાસ મિસ્ત્રી ભવન, અંબાજી ખાતે કરવામાં આવેલ. શ્રી પી.જી.બ્રહ્મભટ્ટ, ઔદ્યોગિક સંબંધક અધિકારી, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા, શ્રી આર.બી.શુક્લા, કાર્યવાહક સહાયક સચિવ, વર્તુળ કચેરી, પાલનપુર તથા શ્રી પી.એસ.પંચાલ, ટુર્નામેન્ટ રેફ્રી, સુરેન્દ્રનગર દ્વારા દીપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવેલ.

ચેસ ટુર્નામેન્ટમાં રજિસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી તથા ચારેય વર્તુળ કચેરીઓમાંથી ૧૫ પુરુષ ખેલાડીઓ તથા ૦૪ મહિલા ખેલાડીઓ મળીને કુલ ૧૯ ખેલાડીઓએ ભાગ લીધેલ.

ટુર્નામેન્ટના અંતમાં શ્રી એન.કે.તેજોત, કાર્યપાલક ઇજનેર, વર્તુળ કચેરી, પાલનપુર દ્વારા વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા ટી-શર્ટ આપવામાં આવેલ અને ભાગ લેનાર તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવેલ. ■



**૧૬મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં પુરુષોની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી વી. એમ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, કડી | ચેમ્પિયન |
| શ્રી એચ. આર. નાયક | ઈલે. આસિસ્ટન્ટ | પેટાવિભાગીય કચેરી, જગુદણ | રનર્સઅપ |

**૧૬મી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં મહિલાઓની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| સુશ્રી ડી. વી. ભૈરવિયા | જુનિયર પ્રોગ્રામર | ઈ.એમ.સી. ગાંધીનગર | ચેમ્પિયન |
| સુશ્રી એન. પી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સાબરમતી | રનર્સઅપ |

# સાબરમતી વર્તુળ કચેરી ખાતે ૧૬મી ઈન્ટર સર્કલ કેરમ સ્પર્ધાનું આયોજન

તા.૦૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સાબરમતી વર્તુળ કચેરી કેમ્પસ ખાતે ૧૬મી ઇન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. કંપનીના વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ.સી.પ્રજાપતિ તથા સાબરમતી વર્તુળ કચેરીના પર્સોનેલ ઓફિસર શ્રી એલ.એન.મહિડા દ્વારા ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવેલ.

**૧૬મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં વિજેતા મહિલા ટીમ- સાબરમતી વર્તુળ કચેરી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| સુશ્રી એન.આર. પરમાર | નાયબ અધિક્ષક ( હિસાબ) | પેટા - વિભાગીય કચેરી, લાડોલ | સિંગલ ચેમ્પિયન |
| સુશ્રી પી.આર. બેન્કર | સીનીયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, મહેસાણા | સિંગલ રનર્સઅપ |
| સુશ્રી એન.આર. પરમાર | નાયબ અધિક્ષક (હિસાબ) | પેટા - વિભાગીય કચેરી, લાડોલ | ડબલ્સ ચેમ્પિયન |
| સુશ્રી પી.આર. બેન્કર | સીનીયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, મહેસાણા | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રીમતી પી.આર. મકવાણા | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સાબરમતી | ડબલ્સ રનર્સઅપ |
| શ્રીમતી જી. એલ. કુંતાર | પટાવાળા | વિભાગીય કચેરી, સાબરમતી | ડબલ્સ રનર્સઅપ |

**૧૬મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં વિજેતા પુરુષ ટીમ- સાબરમતી વર્તુળ કચેરી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એમ.પી. ગજેરા | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી | સિંગલ ચેમ્પિયન |
| શ્રી કે.એન. રાવલ | સીનીયર સ્ટેનો | વર્તુળ કચરી, સાબરમતી | સિંગલ રનર્સઅપ |
| શ્રી કે.એન. રાવલ | સીનીયર સ્ટેનો | વર્તુળ કચેરી, સાબરમતી | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી એન.કે. ખમાર | અધિક્ષક (હિસાબ) | વર્તુળ કચેરી, સાબરમતી | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી એમ.પી. ગજેરા | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી | ડબલ્સ રનર્સઅપ |
| શ્રી એસ.જી. રાણા | પટાવાળા | વર્તુળ કચેરી, સાબરમતી | ડબલ્સ રનર્સઅપ |

સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી સી.જે.રાજપાલ દ્વારા વિજેતા થનાર તથા રનર્સઅપ મહિલા ખેલાડીઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ.

સાબરમતી વર્તુળ કચેરીના પર્સોનેલ ઓફિસર શ્રી એલ.એન.મહીડા દ્વારા વિજેતા થનાર તથા રનર્સઅપ પુરુષ ખેલાડીઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ. ■



# હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૧૬મી ઈન્ટર સર્કલ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન



તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે ૧૬મી ઇન્ટર સર્કલ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતે કરવામાં આવેલ. હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી જી.જે.ધનુલા, વડી કચેરી ખાતેથી પધારેલ કાર્યવાહક સહાયક સચિવ, શ્રી જે.એમ.રોય, વર્તુળ કચેરીના કાર્યવાહક સહાયક સચિવ, શ્રી આર.એમ.લિમ્બાચીયા તથા ઉપસ્થિત તમામ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ ખેલાડીઓની હાજરીમાં દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ.

સ્પર્ધાના અંતે વિજેતા તેમજ રનર્સઅપને ટ્રોફી આપીને પ્રોત્સાહન તેમજ અભિનંદન પાઠવવામાં આવેલ અને ટુર્નામેન્ટ પૂર્ણ જાહેર કરવામાં આવેલ. ■

**૧૬મી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં સિંગલ્સ/ડબલ્સ પુરુષોની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પી.આઈ. વાવડીયા | અધિક્ષક હિસાબ | સી.એસ. વિભાગ, રજી. કચેરી | સિંગલ્સ ચેમ્પિયન |
| શ્રી યુ.જે.પટેલ | સીનીયર આસીસ્ટંટ | હિમતનગર વિભાગીય કચેરી | સિંગલ્સ રનર્સ અપ |
| શ્રી એમ.સી.પટેલ | જુનિયર ઈજનેર (સીવીલ) | હિમતનગર વર્તુળ કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી યુ.જે.પટેલ | સીનીયર આસીસ્ટંટ | હિમતનગર વિભાગીય કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી પી.આઈ. વાવડીયા | અધિક્ષક હિસાબ | સી.એસ. વિભાગ, રજી. કચેરી | ડબલ્સ રનર્સ અપ |
| શ્રી એન.એસ.પટેલ | કાર્યપાલક ઈજનેર (સીવીલ) | સીવીલ વિભાગ, રજી. કચેરી | ડબલ્સ રનર્સ અપ |

**૧૬મી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં સિંગલ્સ/ડબલ્સ મહિલાઓની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| સુશ્રી એસ.એસ. ખરાડી | સીનીયર આસીસ્ટંટ | ડીસા-૨ વિભાગીય કચેરી | સિંગલ્સ ચેમ્પિયન |
| સુશ્રી એસ.એ. પટેલ | નાયબ ઈજનેર | હિમતનગર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી | સિંગલ્સ રનર્સ અપ |
| સુશ્રી આર.એમ.જયસ્વાલ | નાયબ ઈજનેર | ખેરાલુ -૧ પેટા વિભાગીય કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| સુશ્રી પી.આર.બેન્કર | સીનીયર આસીસ્ટંટ | મહેસાણા વર્તુળ કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| સુશ્રી એસ.એ. પટેલ | નાયબ ઈજનેર | હિમતનગર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી | ડબલ્સ રનર્સ અપ |
| સુશ્રી એચ.આર.પટેલ | જુનિયર આસીસ્ટંટ | મોડાસા ગ્રામ્ય-૧ પેટા વિભાગીય કચેરી | ડબલ્સ રનર્સ અપ |

# હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૧૬મી ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન



તા.૦૧/૧૦/૨૦૨૩ના રોજ ૧૬મી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન વર્તુળ કચેરી, હિંમતનગરના યજમાનપદે સાબર સ્ટેડિયમ, હિંમતનગર ખાતે કરવામાં આવેલ.

આ પ્રસંગે વર્તુળ કચેરી, હિંમતનગરના અધિક્ષક ઇજનેર શ્રી જી.જે.ધનુલા, રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણાના કાર્યવાહક સહાયક સચિવ શ્રી જે.એમ.રોય તથા વર્તુળ કચેરી, હિંમતનગરના કાર્યવાહક સહાયક સચિવ શ્રી આર.એમ.લીમ્બાચીયા દ્વારા બધા ખેલાડીઓ તેમજ પધારેલ અધિકારીઓનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ વર્તુળ કચેરી, હિંમતનગરના અધિક્ષક ઇજનેર શ્રી જી.જે.ધનુલા, રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણાના કાર્યવાહક સહાયક સચિવ શ્રી જે.એમ.રોય તેમજ કાર્યપાલક ઇજનેર (સિવિલ) શ્રી એન.એસ.પટેલ અને ઇ.એમ.સી., ગાંધીનગરથી પધારેલ કાર્યપાલક ઇજનેર (આઈ.ટી.)શ્રી એસ.એચ.જાદવ તથા વર્તુળ કચેરી, હિંમતનગરના કાર્યવાહક સહાયક સચિવ શ્રી આર.એમ.લીમ્બાચીયા દ્વારા દીપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવેલ.

અંતમાં વર્તુળ કચેરી, હિંમતનગરના કાર્યવાહક સહાયક સચિવ શ્રી આર.એમ.લીમ્બાચીયા દ્વારા ખેલાડીઓ, કોચ, રેફરી અને આયોજકોનો આભાર વ્યક્ત કરી ટુર્નામેન્ટને પૂર્ણ જાહેર કરવામાં આવેલ. ■

**૧૬મી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા સિંગલ્સ/ડબલ્સ પુરુષોની યાદી**

| નામ | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|
| શ્રી એસ.એચ.જાદવ | ઈ.એમ.સી., ગાંધીનગર | સિંગલ્સ ચેમ્પિયન |
| શ્રી જે.એમ.સોની | રજિ. એન્ડ કોર્પો. ઓફિસ, મહેસાણા | સિંગલ્સ રનર્સ અપ |
| શ્રી જે.એમ.સોની | રજિ. એન્ડ કોર્પો. ઓફિસ, મહેસાણા | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી વી.એચ.ચૌધરી | રજિ. એન્ડ કોર્પો. ઓફિસ, મહેસાણા | ડબલ્સ ચેમ્પિયન |
| શ્રી જે.એમ.સૈયદ | પાલનપુર વર્તુળ કચેરી | ડબલ્સ રનર્સ અપ |
| શ્રી એસ.એસ.દેસાઈ | પાલનપુર વર્તુળ કચેરી | ડબલ્સ રનર્સ અપ |

**૧૬મી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા સિંગલ્સ/ડબલ્સ મહિલાઓની યાદી**

| નામ | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|
| સુશ્રી એન.બી.પટેલ | હિમતનગર વર્તુળ કચેરી | સિંગલ્સ ચેમ્પિયન |
| સુશ્રી એ.એ.પટેલ | પાલનપુર વર્તુળ કચેરી | સિંગલ્સ રનર્સ અપ |
| સુશ્રી એ.એ.ગુપ્તા | પાલનપુર વર્તુળ કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| સુશ્રી કે. એમ. વાણીયા | પાલનપુર વર્તુળ કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| સુશ્રી ડી.પી.ચૌધરી | મહેસાણા વર્તુળ કચેરી | ડબલ્સ રનર્સ અપ |
| સુશ્રી જે.એન.રાવલ | મહેસાણા વર્તુળ કચેરી | ડબલ્સ રનર્સ અપ |

# રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે "નવરાત્રિ મહોત્સવ" અંતર્ગત ગરબાનું આયોજન

તા.૧૮/૧૦/૨૦૨૩ના રોજ રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, મહેસાણાના પટાંગણમાં આવેલ ઊર્જા રિક્રિએશન ક્લબ ખાતે મનજાગૃત મહિલા મંડળ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવેલ. જેમાં યુજીવીસીએલ પરિવારની બહેનો, જેટકોના મહિલા કર્મચારીઓ તેમજ કોલોનીની બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈને ઉમંગથી આદ્યશક્તિ માં અંબાની ભક્તિ કરવાનો અદમ્ય લ્હાવો ગરબે ઘૂમીને પ્રાપ્ત કરેલ.

કાર્યક્રમની શરૂઆતમાં માતાજીની આરતી ઉતારવામાં આવેલ, જેમાં કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયર તથા ઉચ્ચ અધિકારી - કર્મચારી ભાઈઓ અને બહેનોએ હર્ષોલ્લાસથી ભાગ લીધેલ. મનજાગૃત મહિલા મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ તથા અન્ય સભ્યોએ મળીને ગરબા કાર્યક્રમનું સફળ આયોજન કરેલ. ■





# કડી વિભાગીય કચેરી ખાતે "નવરાત્રિ મહોત્સવ" અંતર્ગત ગરબાનું આયોજન





તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ કડી વિભાગીય કચેરીના પટાંગણમાં નવરાત્રી મહોત્સવ અંતર્ગત ગરબાનું આયોજન કરવામાં આવેલ. કડી વિભાગીય કચેરીના તાબા હેઠળની પેટા વિભાગીય કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને માતાજીની આરતી બાદ ગરબાના તાલે ઝૂમીને વાતાવરણને નવરાત્રીમય બનાવેલ. કડી વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી એચ.જે.કંદોઈએ ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓને નવરાત્રીની ખૂબ શુભેચ્છા પાઠવેલ. ■



# યુજીવીસીએલ દ્વારા બંધારણ દિવસની ઉજવણી

તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૩ના રોજ યુજીવીસીએલની વિવિધ કચેરીઓ ખાતે બંધારણ સ્વીકૃતિની ૭૩મી વર્ષગાંઠ તથા બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે બંધારણની મૂળભૂત ફરજો પ્રત્યે લોકજાગૃતિના કાર્યક્રમના ભાગરૂપે અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા મૂળભૂત ફરજો પર શપથ લેવામાં આવેલ.

યુજીવીસીએલના કર્મચારીઓ તેમજ અધિકારીઓએ બંધારણની મૂળભૂત ફરજો અંગે શપથ લઈને આ રાષ્ટ્રીય ઝુંબેશમાં સહભાગી થવામાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપેલ.



યુજીવીસીએલના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયર, કંપની સેક્રેટરી શ્રી એન.એમ.જોશી, મુખ્ય ઇજનેર (પી.) શ્રી બી.જી.પ્રણામીની આગેવાનીમાં SCADA કચેરી, ગાંધીનગર ખાતે બંધારણની મૂળભૂત ફરજો અંગે શપથ લેવામાં આવેલ.



રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી મહેસાણા ખાતે બંધારણની મૂળભૂત ફરજો અંગે શપથ લેવામાં આવેલ.



હિંમતનગર વર્તુળ કચેરી ખાતે બંધારણની મૂળભૂત ફરજો અંગે શપથ લેવામાં આવેલ.



પાલનપુર વર્તુળ કચેરી ખાતે બંધારણની મૂળભૂત ફરજો અંગે શપથ લેવામાં આવેલ.



સાબરમતી વર્તુળ કચેરી ખાતે બંધારણની મૂળભૂત ફરજો અંગે શપથ લેવામાં આવેલ.

# મહેસાણા વર્તુળ કચેરી ખાતે લાઈન સ્ટાફની સલામતી માટે "શપથ સમારોહ" તથા સત્યનારાયણ પૂજનનું આયોજન



તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૩ના રોજ યુજીવીસીએલ, વર્તુળ કચેરી, મહેસાણા ખાતે લાઈન સ્ટાફની સલામતી માટે શપથ સમારોહ તથા સત્યનારાયણ પૂજન યોજાયું. યુજીવીસીએલના માનવંતા ગ્રાહકોને વિના વિક્ષેપે, સતત વીજ પુરવઠો મળી રહે તે માટે જીવના જોખમે લાઈન પર ફરજ બજાવતા લાઇન સ્ટાફની સલામતી અંગે ચિંતિત વર્તુળ કચેરી દ્વારા શપથ સમારોહ તથા સત્યનારાયણ પૂજનનું આયોજન કરવામાં આવેલ.

સત્યનારાયણ પૂજન બાદ, રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા સલામતી વિભાગમાં ફરજ બજાવતા અધિક્ષક ઇજનેર શ્રી કે.એસ.ભગોરા દ્વારા વર્તુળ કચેરીના તાબા હેઠળના લાઈન સ્ટાફ કર્મચારીઓને સુરક્ષા માટે કામ કરતી વખતે સલામતીના સાધનોનો ઉપયોગ કરવા તેમજ સલામતીથી કામ કરવા માટેના શપથ લેવડાવવામાં આવેલ.

કંપનીના મુખ્ય ઇજનેર શ્રી જી.એચ.એન્જિનિયર (ઓપરેશન) દ્વારા કાર્યક્રમ અંગે તમામ લાઈન સ્ટાફ મિત્રો માટે સલામતી જાળવવા અંગે સંદેશો આપતા ઇલેક્ટ્રીક લાઇન ઉપરની કામગીરી દરમિયાન અર્થિંગ સુનિશ્ચિત કરવા તથા વીજ સલામતીના સાધનોનો ઉપયોગ કરવા જણાવવામાં આવેલ અને વર્તુળ કચેરી, મહેસાણા દ્વારા કરવામાં આવેલ સદર કાર્યક્રમના આયોજનની સરાહના કરી અને અભિનંદન પાઠવેલ.

કાર્યક્રમના અંતે મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર શ્રી એ.પી.પટેલ દ્વારા શપથ સમારોહ તથા સત્યનારાયણ પૂજનમાં હાજરી આપવા બદલ સર્વે કર્મચારીઓ તથા અધિકારીઓનું અભિવાદન કરવામાં આવેલ. ■

# યુજીવીસીએલ દ્વારા સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ સાણંદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સનું લોકાર્પણ






કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિલિટી એટલે કે સમાજ પ્રત્યેના પોતાના ઉત્તરદાયિત્વ અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં અગાઉ ચેકડેમ રીનોવેશન પ્રોજેક્ટ, મંદબુદ્ધિના બાળકો માટે વિકાસલક્ષી પ્રવૃત્તિઓ, "જુગનું" પર્યાવરણ અને ટકાઉ ખેતીનું લર્નિંગ સેન્ટર જેવી પ્રવૃત્તિઓ સી.એસ.આર. પ્રવૃત્તિના ભાગરૂપે કરવામાં આવેલ છે.

તા. ૨૪/૧૦/૨૦૨૩ના રોજ યુજીવીસીએલ દ્વારા સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ સાણંદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવેલ. એમ્બ્યુલન્સ મળતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના ગામોની આરોગ્ય સેવા વધુ સારી અને સુદ્રઢ બનશે તેમજ આરોગ્યલક્ષી આપાતકાલીન સેવાઓમાં એમ્બ્યુલન્સ ખૂબ જ ઉપયોગી બનશે.

આરોગ્ય અને શૈક્ષણિક સેવાઓ વધુ સારી બને તે માટે તેમજ સામાન્ય માણસને પણ લાભ મળી શકે તેવા હેતુથી યુજીવીસીએલ દ્વારા સી.એસ.આર. પ્રવૃત્તિ હેઠળ નાણાં ભંડોળ ફાળવીને સાણંદમાં એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવેલ. ■

# શ્રી કે.એ.પટેલ (કાર્યપાલક ઈજનેર, સોલાર વિભાગ)નો વયનિવૃત્તિ પ્રસંગે વિદાય સમારંભ



તા. ૩૦/૧૦/૨૦૨૩ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઈ રહેલ શ્રી કે.એ.પટેલ,કાર્યપાલક ઇજનેરને વિદાય આપવા માટેના સમારંભનું આયોજન તા.૩૦/૧૦/૨૦૨૩ના રોજ કંપનીના કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.) શ્રી બી.જી.પ્રણામીના અધ્યક્ષ સ્થાને વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.) શ્રી જે.આર.ચૌધરી, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી આર.એમ.જૈન, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એન.બી.બલાત તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

શ્રી કે.એ.પટેલની કારકિર્દીની શરૂઆત તા. ૦૨/૦૮/૧૯૮૯ના રોજ વિસનગર વિભાગીય કચેરી ખાતે જુનિયર એન્જિનિયર તરીકે થયેલ.

તા. ૦૨/૦૮/૧૯૮૯થી તા. ૩૧/૧૦/૨૦૨૩ સુધીની લાંબી કારકિર્દી સફળતાપૂર્વક પૂર્ણ કરી તા. ૩૧/૧૦/૨૦૨૩ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઈ રહેલ શ્રી કે.એ.પટેલના નિવૃત્તિ પ્રસંગે પ્રારંભિક ઉદ્‌બોધન શ્રી વી.બી.પટેલ (અધિક્ષક ઇજનેર, સોલાર) દ્વારા કરવામાં આવેલ. શ્રી એન.ડી.બલાત (કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક, મા.સં.) દ્વારા નિવૃત્ત થનાર અધિકારીશ્રીનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ તથા શ્રી વી.બી.પટેલ (અધિક્ષક ઇજનેર,સોલાર) દ્વારા શુકન શુભેચ્છા અર્પણ કરવામાં આવેલ અને શ્રી જે.આર.ચૌધરી, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.)એ શ્રી કે.એ.પટેલને શાલ



અર્પણ કરી તેમનું સન્માન કરેલ અને અંતે શ્રી આર.એમ.જૈન (કાર્યવાહક મહાપ્રબંધક, નાણા) દ્વારા નિવૃત્તિ અંગેના નાણાકીય લાભોનો ચેક અર્પણ કરવામાં આવેલ.

કાર્યવાહક મુખ્ય ઇજનેર (પ્રોક્યુરમેન્ટ) શ્રી બી.જી.પ્રણામીએ નિવૃત્ત અધિકારીને સન્માનપત્ર અર્પણ કરીને વિદાય સમારંભને અનુલક્ષીને પોતાનું ઉદ્‌બોધન આપેલ. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જે.એમ.રોય (કા.વા. સહાયક સચિવ) દ્વારા કરવામાં આવેલ. યુજીવીસીએલ પરિવાર તેમના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભકામનાઓ પાઠવે છે. ■

## કવિતા

### બસ જોઈએ છે...

એવો સાથ જોઈએ છે, જે કદી છૂટે નહીં...
એવું ઘર જોઈએ છે, જે કદી તૂટે નહીં...
એવો પરિવાર જોઈએ છે, જે કદી રિસાય નહીં...
એવા આંસુ જોઈએ છે, જે કદી છુપાય નહીં...
એવી વાત જોઈએ છે, જે કદી અધૂરી રહે નહીં...
એવી રાહ જોઈએ છે, જે કદી ખોવાય નહીં...
એવો વિશ્વાસ જોઈએ છે, જે કદી ડગમગાય નહીં...
એવી શ્રદ્ધા જોઈએ છે, જે કદી ફીકી પડે નહીં...
એવી મિત્રતા જોઈએ છે, જે કદી ઝાંખી પડે નહીં...
એવો ખોળો જોઈએ છે, જે કદી સંકેલાય નહીં...
એવી નફરત જોઈએ છે, કદી ખીલે નહીં...
એવો પ્રેમ જોઈએ છે, જે કદી મુરજાય નહીં...
અને
અંતે એવી મારી જાત જોઈએ છે, જે કદી વિખેરાય નહીં...

- શ્રી આર.જી.પટેલ,
સિનિયર આસી.,
પાટણ વિભાગીય કચેરી.

## કવિતા

મારામાં રહીને હું મારા હું ને શોધું છું,
પાણીનો પરપોટો હું હવાને શોધું છું.

ક્ષણભંગુર છે જીવન મને છે ખબર,
મૃત્યુ આવ્યા પહેલાં હું કફન શોધું છું.

ખબર છે તોય હું એ ખબરને શોધું છું,
મરણ પહેલાં હું મારી કબરને શોધું છું.

કરે જોરથી વાતો આ સ્વાર્થી સગાઓ,
સગાઓમાં રડ્યો ખડ્યો સ્નેહ શોધું છું.

જુઠું જ ઝળકિયા કર્યું કાયમ જગતમાં,
અસત્યમાં છુપાયેલા સત્યને શોધું છું.

ઝેર જેવી થઈ ગઈ આ જિંદગી જીવડાં,
એ ઝેર મહીં મીરાના "અમૃત"ને શોધું છું.

- અમૃત શ્રીમાળી
નિવૃત્ત અધીક્ષક હિસાબ
મહેસાણા

## કવિતા

કાન્હા આવવું હોય તો આવ મુશ્કેલી પડશે,
નથી દેવકી, નથી જશોદા, એ કુખ ક્યાંથી મળશે ?

નથી વાસુદેવ કે વસમી વાટ પકડશે વૃંદાવનની,
નિર્મળ નજર નથી નંદની, એ હવે ક્યાંથી મળશે ?

નથી ગાયો, નથી ગોપીઓ, નથી વ્હાલ વૃંદાવનનું,
નેહ વગરની નમણી નાર, એ રાધા ક્યાંથી મળશે ?

સ્નેહ વગરનાં સગા અને ભાવ વગરના ભાડું,
મમતા વિનાના મિત્ર, એમાં સુદામો ક્યાંથી મળશે ?

ધર્મ નથી રહ્યો ધરા પર, કૂડ કપટ ને કુરુક્ષેત્ર,
પ્રભુ પ્રેમ પારખનારા, એ પાંડવ ક્યાંથી મળશે ?

મોરપીંછ ને મોરલી એ તાંસળીને એ કાંબળી,
એ વરણાગી વેશ કહો "અમૃત" એ ક્યાંથી મળશે ?

- અમૃત શ્રીમાળી
નિવૃત્ત અધીક્ષક હિસાબ
મહેસાણા

# યુજીવીસીએલ, મહેસાણા દ્વારા શ્રી એન. બી. બલાત, નાયબ મહાપ્રબંધક (મા.સં.), શ્રી ટી. એસ. મજમુદાર, કાર્યવાહક અધિક્ષક ઇજનેર, ક્યુ.સી.સી. વિભાગને ભાવભરી વિદાય






તા.૩૦/૧૧/૨૦૨૩ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઈ રહેલ શ્રી એન.બી.બલાત, નાયબ મહાપ્રબંધક (મા.સં.)ને વિદાય આપવા માટેના સમારંભનું આયોજન તા.૨૯/૧૧/૨૦૨૩ના રોજ કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.) શ્રી જે.આર.ચૌધરીના અધ્યક્ષ સ્થાને શ્રી એન.એમ.જોશી, કંપની સેક્રેટરી, શ્રી એ.સી.પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (મા.સં.) તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

શ્રી એન.બી.બલાતની કારકિર્દીની શરૂઆત તા.૨૪ નવેમ્બર, ૧૯૯૭ના રોજ હિંમતનગર વર્તુળ કચેરી ખાતે સુપ્રિટેન્ડન્ટ તરીકે થયેલ. તા.૩૧ જાન્યુઆરી,૨૦૧૩ના રોજથી કંપનીના નાયબ મહાપ્રબંધક (મા.સં.) તરીકે બઢતી મેળવ્યા બાદ તા.૩૧/૦૧/૨૦૧૩થી તા.૩૦/૧૧/૨૦૨૩ સુધીની નાયબ મહાપ્રબંધક (મા.સં.) તરીકેની લાંબી કારકિર્દી સફળતાપૂર્વક પૂર્ણ કરી તા.૩૦/૧૧/૨૦૨૩ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થયેલ.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જે.એમ.રોય, કાર્યવાહક સહાયક સચિવ અને પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી એચ.એન.ભાવસાર, પર્સોનેલ ઓફિસર દ્વારા કરવામાં આવેલ.






તા.૩૦/૧૧/૨૦૨૩ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઈ રહેલ શ્રી ટી.એસ.મજમુદાર, કાર્યવાહક અધિક્ષક ઇજનેરને વિદાય આપવા માટેના સમારંભનું આયોજન તારીખ ૩૦/૧૧/૨૦૨૩ના રોજ કંપનીના કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.) શ્રી બી.જી.પ્રણામીના અધ્યક્ષ સ્થાને વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.) શ્રી જે.આર.ચૌધરી, કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી આર. એમ. જૈન, વિશેષ મહાપ્રબંધક (મા.સં.) એ.સી.પ્રજાપતિ તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

શ્રી ટી.એસ.મજમુદારની કારકિર્દીની શરૂઆત તા. ૨૯ મે,૧૯૮૯ના રોજ ઇડર વિભાગીય કચેરી ખાતે જુનિયર ઇજનેર તરીકે થયેલ. તા.૨૯/૦૫/૧૯૮૯થી તા.૩૦/૧૧/૨૦૨૩ સુધીની લાંબી કારકિર્દી સફળતાપૂર્વક પૂર્ણ કરી તા. ૩૦/૧૧/૨૦૨૩ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થયેલ.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી એન.ડી.ગોસ્વામી, કાર્યપાલક (મા.સં.) અને પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી બી.કે.પટેલ, કાર્યવાહક અધિક્ષક ઇજનેર (આર.ઈ.) દ્વારા કરવામાં આવેલ. નિવૃત્ત થઈ રહેલા અધિકારીઓને કંપની દ્વારા સન્માનપત્ર, શાલ, શ્રીફળ તથા બુકે સાથે આર્થિક લાભોના ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવેલ, જેને ઉપસ્થિત કર્મચારીગણે તાળીઓના ગડગડાટથી વધાવેલ.

યુજીવીસીએલ પરિવાર તેમના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભકામનાઓ પાઠવે છે. ■

## સ્માર્ટ ટેક્નોલોજી, સ્માર્ટ મીટર

# વીજ બિલનું રિચાર્જ થશે હવે આપના મોબાઈલ પરથી




## UGVCL
## પ્રસ્તુત કરે છે
## સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL) સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર પ્રસ્તુત કરી રહી છે. આ સ્માર્ટ પ્રિ-પેઈડ મીટરથી સતત તમારા વીજ વપરાશની માહિતી તમારા મોબાઈલ પર મળતી રહેશે. આ પ્રિ-પેઈડ મીટર લાગવાથી હવે આપ આપના મોબાઈલ પરથી વીજ બિલનું રિચાર્જ કરી શકશો, એટલું જ નહીં હવે વીજ બિલ ભરવાની લાઈનની પરેશાનીમાંથી પણ મુક્તિ મળશે.**

## સ્માર્ટ પ્રિ-પેઈડ મીટરના ફાયદા :

- વીજ વપરાશનું રિઅલ-ટાઈમ ટ્રેકિંગ
- દૈનિક વીજ વપરાશનું નિરીક્ષણ અને નિયંત્રણ
- પાછલા વીજ વપરાશનું વિશ્લેષણ અને વીજ વપરાશનું પૂર્વાનુમાન
- ઓનલાઈન રિચાર્જના સહજ વિકલ્પો
- ઊર્જા કાર્યક્ષમ વર્તણૂંક અપનાવો
- રિઅલ ટાઈમ સૂચનાઓ અને ચેતવણીઓ
- કાર્બન ફુટપ્રિન્ટમાં ઘટાડો (પર્યાવરણનો બચાવ)
- માનવીય હસ્તક્ષેપનું નિવારણ

UGVCL


## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, વિસનગર રોડ, મહેસાણા.

**ટોલ ફ્રી નં. ૧૯૧૨૧ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫**


## આપણું યુજીવીસીએલ

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com